પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૧ | ૨૩ માર્ચ, ૨૦૨૨, બુધવાર; ફાગણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઘરેલુ સિલિન્ડરમાં રૂ.૫૦નો ભાવવધારો

## પેટ્રોલ-ડીઝલ બાદ હવે LPG સિલિન્ડરના ભાવમાં કમરતોડ વધારો : અમદાવાદમાં જૂની કિંમત ૯૦૬.૫૦ રૂપિયા હતી, નવો ભાવ ૯૫૬.૫૦ રૂપિયા થયો છે, દિલ્હીમાં ૮૯૯.૫૦ રૂપિયાથી વધીને ૯૪૯.૫ રૂપિયા થયો



નવી દિલ્હી,તા.૨૨

ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં કમરતોડ વધારો કરવામાં આવ્યા છે. નવા ભાવ આજથી જ લાગૂ થઈ ગયા છે. ઘરેલુ એલપીજી સિલિન્ડરના રેટ ૬ ઓક્ટોબર ૨૦૨૧ બાદ વધ્યા છે. આજથી ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ દિલ્હીમાં ૮૯૯.૫૦ રૂપિયાથી વધીને ૯૪૯.૫ રૂપિયા થઈ ગયો છે. ઘરેલુ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. હવે તમે જો મુંબઈમાં ઘરેલુ એલપીજી સિલિન્ડર ખરીદશો તો તમારે ૯૪૯.૫૦ રૂપિયા આપવા પડશે. જ્યારે કોલકાતામાં તમે સિલિન્ડર ખરીદશો તો તમારે ૯૭૬ રૂપિયા ચૂકવવા પડશે. અગાઉ એલપીજી સિલિન્ડરનો ભાવ ૯૨૬ રૂપિયા હતો. આ ઉપરાંત ચેન્નાઈમાં ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમત ૯૧૫.૫૦ રૂપિયાથી વધીને ૯૬૫.૫૦ રૂપિયા થઈ ગઈ છે. ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉમાં ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ ૯૩૮ રૂપિયાથી વધીને ૯૮૭.૫૦ રૂપિયા થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

# તમામ પુખ્ત દેશવાસીઓને બુસ્ટરડોઝ આપવાની તૈયારીઓ

## અન્ય દેશોમાં કોરોનાના ખતરનાક વેવને જોતા પગલાં : સરકારની ઉતાવળનું એક કારણ એ પણ છે કે દેશમાં ચોથી લહેરનો ખતરો છે, વિશ્વનાં ઘણાં દેશોમાં સ્થિતિ વણસી રહી છે

નવી દિલ્હી, તા.૨૨

ચીન, દક્ષિણ કોરિયા અને યુરોપના દેશોમાં ફેલાતા ખતરનાક કોરોના વેવને જોતા સરકાર બૂસ્ટર ડોઝ પર મોટી યોજના બનાવી રહી છે. હાલમાં, દેશના આરોગ્ય કર્મચારીઓ અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને રસીના બૂસ્ટર ડોઝ મળી રહ્યા છે. ઘણા દેશોમાં ઓમિક્રોનના ખતરનાક ચેપને ધ્યાનમાં રાખીને, હવે ૧૮ વર્ષથી વધુ વયના તમામ પુખ્ત વયના લોકોને કોરોના રસીનો બૂસ્ટર ડોઝ આપવાની તૈયારી કરવામાં આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું કે સરકારના સ્તરે હાલ મંથન ચાલી રહ્યું છે કે તેને તબક્કાવાર શરૂ કરવામાં આવે કે પછી ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરના તમામ લોકો માટે બુસ્ટર ઉપલબ્ધ કરાવવામાં આવે. બૂસ્ટર ડોઝને લઈને સરકારની ઉતાવળનું એક કારણ એ પણ છે કે દેશમાં ચોથી લહેરનો ખતરો છે. બીજી તરફ, વિશ્વના ઘણા દેશોમાં સ્થિતિ વણસી રહી છે. આવી સ્થિતિમાં સરકાર પોતાની તૈયારી મજબૂત રાખવા માંગે છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે ઉંમરની લાયકાત સાથે, સરકાર અન્ય ઘણા પરિબળોનું મૂલ્યાંકન કરી રહી છે, જેમ કે રસીનું




ઉત્પાદન અને સમયસર સપ્લાય કેવી રીતે કરવામાં આવશે અને બૂસ્ટર ડોઝ કેટલા જલ્દી ઉપલબ્ધ કરાવી શકાય. એવું ચોક્કસપણે માનવામાં આવે છે કે સરકાર સમગ્ર દેશમાં બૂસ્ટર ડોઝ લગાવવાનું ચાલુ રાખશે અને હાલમાં તે છૂટક બજારમાં ઉપલબ્ધ નહીં કરે.

દક્ષિણ-પૂર્વ એશિયા અને યુરોપના કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

# બીજા વર્ષે દિલ્હી વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની

## બીજો નંબર બાંગ્લાદેશની રાજધાની ઢાકાનો આવે છે

મુંબઈ, તા.૨૨

ભારતની રાજધાની દિલ્હીના નામે એક અનિચ્છનીય રેકોર્ડ નોંધવામાં આવ્યો છે. હકીકતમાં દિલ્હી સતત બીજા વર્ષે વિશ્વની સૌથી પ્રદૂષિત રાજધાની બની ગઈ છે. દિલ્હી બાદ બીજો નંબર બાંગ્લાદેશની રાજધાની ઢાંકાનો આવે છે. ચાડની રાજધાની નજામિના ત્રીજી સૌથી વધારે પ્રદૂષિત રાજધાની છે. આ પછી તાજિકિસ્તાનની રાજધાની દુશાન્બે અને ઓમાનની રાજધાની મસ્કત સૌથી પ્રદૂષિત રાજધાનીઓમાં સામેલ છે. દિલ્હીમાં ૨૦૨૧માં પીએમ૨.૫ થી ૯૬.૪ આઈજી/એમ૩ થઈ ગઈ. આ ૨૦૨૦માં ૮૪ આઈજી/એમ૩ હતી. ૨૦૨૦ માં તે ૮૪ આઈજી/એમ૩ હતી. દિલ્હીમાં આ વર્ષે પીએમ૨.૫ માં ૧૪.૬ ટકાનો વધારો જોવા મળ્યો છે. ભારતમાં દિલ્હી સહીત કેટલાય રાજ્યોમાં પ્રદૂષણની સમસ્યા સતત વધી રહી છે.



# ચીને સરહદ પર ૬૨૪ ગામડા વસાવ્યા, ભારતની પણ તૈયારી

## ભારત સાથે વિવાદ વધારવા ચીનની નવી ચાલ : સંરક્ષણ એક્સપર્ટ બ્રહ્મા ચેલાનીએ ચીનની સરકારી વેબસાઈટ તિબ્બત ડોટ સીએનને ટાંકીને ઘટસ્ફોટ કર્યો

બિજિંગ, તા.૨૨

ભારતની સાથે સરહદ વિવાદમાં વધારો કરવા માટે ચીને એક નવી ચાલ ચાલી છે, જેમાં તેણે સરહદ પાસે ૬૨૪ ગામડા વસાવવાનું કામ પૂર્ણ કર્યું છે. ચીને હિમાલયમાં નવા ગામોનું નિર્માણ કર્યું છે જે વિવાદિત સરહદની અંદર કે પછી કબજો કરેલી જગ્યામાં બનાવ્યા છે. ચીને આ ગામડાઓનું નિર્માણ વર્ષ ૨૦૧૭માં રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગના આદેશ સાથે શરુ કર્યા હતા. ચીનેની સરકારે પોતાના દસ્તાવેજોમાં ખુલાસો કર્યો હતો કે કુલ ૬૨૪ ગામડા બનાવવાના છે.

સંરક્ષણ એક્સપર્ટ બ્રહ્મા ચેલાનીએ ચીનની સરકારી વેબસાઈટ તિબ્બત ડોટ સીએનને ટાંકીને જણાવ્યું કે ચીનની સરકાર વર્ષ ૨૦૨૧માં આ ગામોના નિર્માણનું કામ પૂર્ણ કર્યુ છે. ચેલાનીએ કહ્યું કે ભારત ચૂંટણી અને ઘરેલુ રાજકારણમાં વ્યસ્ત છે. જ્યારે ચીન ચાલાકીથી ભારત પાસેની સરહદ પર ૬૨૪ ગામડા નિર્માણ કરવાનું કામ પૂર્ણ કર્યું છે. તેમણે કહ્યું કે વર્ષ ૨૦૧૭માં ચીનના રાષ્ટ્રપ્રમુખે તિબેટના પ્રાણીઓ ચરાવતા લોકોને અહી વસવાટ કરાવવાનો આદેશ આપ્યો હતો. આ પછી આ ગામોને બનાવવાની કામગીરી ઝડપી કરાઈ હતી.

ચીને દાવો કર્યો છે કે તિબેટ સ્વાયત્ત વિસ્તારમાં બનાવાયેલા ૬૨૪ ગામોમાં વીજળી, ઈન્ટરનેટ, પાણી અને મજબૂત રસ્તા બનાવાયા છે. જેના ખાવાનું, કપડા, ઘર અને ટ્રાન્સપોર્ટની સુવિધા ઘણી સારી બની ગઈ છે. ચીને દાવો કર્યો છે કે આ વિસ્તારમાં સમૃદ્ધિ, સ્થિરતા, જાતીય એકતા અને પ્રગતિ આવી છે.

વેબસાઈટે એક ગ્રામીણને ટાંકીને કહ્યું છે કે, "હવે અમારી પાસે વીજળી પહોંચી ગઈ છે, તમામ ઈલેક્ટ્રિક ઉપકરણોનો ઉપયોગ અમે કરી રહ્યા છીએ.

# ચંદ્રશેખર રાવ અને પ્રશાંત કિશોર વચ્ચે લંબાણપૂર્વક ચર્ચા

## વિપક્ષોને એક કરવા કે.ચંદ્રશેખરનો પ્રયાસ



નવી દિલ્હી, તા.૨૨

તેલંગાણાના સીએમ કે.ચંદ્રશેખર રાવે જણાવ્યું છે કે, તેઓ રાષ્ટ્રીય સ્તરે પરિવર્તન લાવવા માટે ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર સાથે ચર્ચા કરી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી કેસીઆર પીએમ મોદીના નેતૃત્વમાં ભાજપ વિરુદ્ધ મોરચો બનાવવા માટે વિપક્ષોને એક કરવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. કેસીઆરે સોમવારે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સ્તર પર બદલાવ લાવવા માટે પ્રશાંત કિશોર સાથે મારી વાત ચાલી રહી છે. પ્રશાંત કિશોર આ મામલે મારી સાથે કામ કરી રહ્યા છે. કેસીઆર થોડા દિવસો પહેલા જ્યારે વડાપ્રધાન તેલંગાણાની મુલાકાતે આવ્યા હતા ત્યારે તેઓ સ્વાસ્થ્યના કારણો આપી ત્યાં નહોતા પહોંચ્યા. તેમણે જણાવ્યું કે, જો ચૂંટણી હોત તો તેઓ દાઢી વધારી દેત અને રવિન્દ્રનાથ ટાગોર જેવા દેખાત. જો તે તામિલનાડુમાં હોત તો તેઓ લૂંગી પહેરી લેત. શું આવી યુક્તિઓથી દેશ ચાલશે? પંજાબની ચૂંટણી થાય તો તેઓ પાઘડી પહેરે છે. મણિપુર અને ઉત્તરાખંડ જાય તો ત્યાંની પરંપરાગત ટોપી પહેરી લે છે.

પ્રશાંત કિશોર સાથે ૩૦૦ કરોડના કોન્ટ્રાક્ટની વાતને નકારી કાઢતા કેસીઆરએ જણાવ્યું હતું કે, પ્રશાંત કિશોર છેલ્લા ૭-૮ વર્ષોથી મારા સારા મિત્ર છે. તેમણે ક્યારેય પૈસા માટે કામ નથી કર્યું.

# ટીએમસીના નેતાની હત્યા બાદ ભડકેલી હિંસામાં ૧૦નાં મોત

## પશ્ચિમ બંગાળના બિરભૂમિ જિલ્લાના રામપુર હાટમાં ભારે તંગદીલી : ઉશ્કેરાયેલી ભીડે ૧૦થી ૧૨ ઘરોમાં આગ લગાવી દીધી, ભારે તણાવને જોતા મોટી સંખ્યામાં વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરી દેવાઈ

કોલકાતા, તા.૨૨

પશ્ચિમ બંગાળના બિરભૂમિ જિલ્લાના રામપુરહાટમાં ટીએમસી નેતાની હત્યા પછી ભડકેલી હિંસામાં ૧૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઉગ્ર ભીડે ૧૦થી ૧૨ ઘરોમાં આગ લગાવી દીધી. ભારે તણાવને જોતા મોટી સંખ્યામાં વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરાઈ છે. ઘટના સોમવારે રાત્રે ૧૦થી ૧૧ વાગ્યા વચ્ચેની છે.

ઘટના સ્થળ પર પહોંચેલા ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું કે, ઘટના સોમવાર રાતની છે. ૧૦થી ૧૨ ઘર હતા જે સળગી ગયા છે, કુલ ૧૦ લોકોના મોત થયા છે, જેમની બોડી રિકવર કરાઈ છે. એક જ ઘરમાંથી ૭ લોકોના મૃતદેહ બહાર કઢાયા છે. તો, પશ્ચિમ બંગાળના ડીજીપી મનોજ માલવીયે જણાવ્યું કે, તૃણમૂલના ઉપ પ્રધાન બહાદુર શેખની ગઈકાલે રાત્રે હત્યા થયાના સમાચાર આવ્યા હતા, તે પછી એક કલાક બાદ ૭થી ૮ ઘરોમાં આગ લગાવી દેવાઈ હતી. મામલામાં ૧૧ લોકોની ધરપકડ કરાઈ છે. ત્યાંના એસડીપીઓ અને રામપુરહાટના આઈસીને હટાવી દેવાયા છે. તપાસ માટે સ્પેશયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરાઈ છે. સોમવારે મોડી રાત્રે બીરભૂમના રામપુરહાટમાં બોમ્બ ફેંકીને પંચાયત નેતા ભાદુ શેખની હત્યા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, શેખ સ્ટેટ હાઈવે ૫૦ પર જઈ રહ્યા હતા. આ દરમિયાન અજાણ્યા લોકોએ તેમના પર બોમ્બ ફેંક્યો હતો, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ત્યાર બાદ તેમને રામપુરહાટની મેડિકલ કોલેજ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. ભાદુ શેખના મોતના સમાચાર સમગ્ર વિસ્તારમાં જંગલમાં લાગેલી આગની જેમ ફેલાઈ ગયા

● અનુસંધાન પાન-૭ પર

# કોંગ્રેસ લોકસભા બાદ રાજ્યસભામાં પણ વિપક્ષનાં નેતાનું પદ ગુમાવશે

## પાંચ રાજ્યોમાં પરાજય બાદ કોંગ્રેસને વધુ આંચકો

નવી દિલ્હી, તા.૨૨

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બીજેપી ગઠબંધન છેલ્લી બે લોકસભાની ચૂંટણી પ્રચંડ બહુમતની સાથે જીત હાંસલ કરીને સત્તામાં વાપસી કરી છે. જેના કારણે વિપક્ષની સામે અસ્તિત્વનં સંકટ ઉભું થયું છે. લોકસભામાં કોંગ્રેસ પાસે એટલી સંખ્યા પણ નથી કે તે વિપક્ષના નેતાનું પદ રાખી શકે. જ્યારે હાલમાં જ પાંચ રાજ્યોમાં થયેલી વિધાનસભાની ચૂંટણીમાં કારમા પરાજય પછી કોંગ્રેસને વધુ એક મોટો ઝટકો લાગવાનો છે. વર્ષ ૨૦૨૨માં અલગ-અલગ સમયે રાજ્યસભાની લગભગ ૭૫ બેઠકો પર ચૂંટણી થવાની છે. જેમાં કોંગ્રેસને બહુ મોટું નુકસાન થવાનું છે. એવામાં સવાલ થઈ રહ્યો છે કે શું લોકસભા પછી રાજ્યસભામાં પણ કોંગ્રેસ નેતા વિપક્ષનું પદ ગુમાવી બેસશે?

સદનમાં સરકારની સામે અનેક વિપક્ષી પાર્ટીઓ હોય છે. પરંતુ સત્તાવાર રીતે તે પાર્ટીને વિપક્ષના નેતા બનવાની તક મળે છે જેની પાસે ઓછામાં ઓછા ૧૦ ટકા બેઠકો હાંસલ હોય. છેલ્લી બે ચૂંટણીમાં કોંગ્રેસ પાસે એટલી સીટો આવી ન હતી કે તે સત્તાવાર રીતે વિપક્ષના નેતા પોતાને બનાવી શકે. આ વર્ષના અંત સુધી દેશની ૭૫

● અનુસંધાન પાન-૭ પર








